નં : જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/કોસ્ટ/ ૪૨

જીઆઇડીસી,ઉદ્યોગભવન,ગાંધીનગર.

તા.૦૩/૧૦/૨૦૧૨.

## //પરિપત્ર//

નિગમની તા:-૨૯/૦૯/૨૦૧૨ ના રોજ મળેલ ૪૬૮ની સભામાં લેવાયેલ નિર્ણય મુજબ હાલ નિગમ દ્વારા દહેજ ઔદ્યોગિક વસાહતમાં આવતાં ઉદ્યોગકારો પાસેથી પ્રતિ.ચો.મી દીઠ રૂ.૧૫/- તથા હાલોલ અને સાણંદ ઔદ્યોગિક વસાહતમાં આવતાં ઉદ્યોગકારો પાસેથી પ્રતિ.ચોમી.દીઠ રૂ.૧૦/-અલગથી વસુલ કરવામાં આવે છે. તે પ્રમાણે ગુજરાત સરકારના શૈક્ષણિક વિભાગ તરફથી મળેલ રજુઆતને ધ્યાને રાખી શૈક્ષણિક ક્ષેત્રે શોધ અને સંશોધન માટે નાણાકીય ભંડોળ ઉભુ કરવા માટે નવી ફાળવવામાં આવનાર જમીન ઉપર ઉદ્યોગકારો પાસેથી આ ઉપરાંત વધારાના રૂ.૫/- પ્રતિ ચો.મી.દીઠ એટલે કે દહેજ વસાહતમાં રૂ.૧૫+૫=૨૦/- અને સાણંદ તથા હાલોલ વસાહતમાં રૂ.૧૦+૫=૧૫/- તા-૦૧/૧૧/૨૦૧૨થી વસુલ કરવાનુ નક્કી કરવામાં આવે છે.

આ ઉપરાંત નિગમની એક હજાર કે તેથી વધુ હેક્ટરની નવી સ્થપાનાર વસાહતોમાં પણ નવી ફાળવવામાં આવનાર જમીન પર નિગમના પરિપત્ર ક્રમાંકઃ જીઆઇડીસી/ ઓએન્ડએમ/ એએલટી/ પીઓએલ/૬૧/૩૫, તા.૨૪/૧૦/૨૦૧૧માં સુચવ્યા ઉપરાંત રૂ.૫/- પ્રતિ.ચો.મી.દીઠ સદર બાબતે વસુલ કરવાનું નક્કી કરવામાં આવે છે.

આ માટે નિગમ દ્વારા અલગથી કમિટિ રચવામાં આવશે.જે શિક્ષણ વિભાગની માંગણી અને જરૂરીયાતને ચકાસી નાણાંની ફાળવણી અંગે નિર્ણય લેશે. જે બીજો હુકમના થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

સહી/-

**ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી**

પ્રતિ,

નિગમના તમામ અધિકારીઓ તરફ જાણ સારૂ.

રવાના કર્યુ.

N Pathak

જનરલ મેનેજર(ઇએન્ડસી)

જીઆઇડીસી,ગાંધીનગર.